# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: જાગૃતિ વકીલ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૨૦-૦૯-૨૦૨૪ શુક્રવાર        સમય : સાંજે ૬:25 કલાકે**

---

## સીએમ-લોકાર્પણ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમરેલી ખાતેથી ૨૯૨ કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. અમરેલીને ૪૨ કરોડ ૪૮ લાખ રૂપિયાના ખર્ચે નવનિર્મિત અત્યાધુનિક બસપોર્ટની અને ૨૫ કરોડ રૂપિયાના ખર્ચે રાજમહેલના નવીનીકરણની પણ મુખ્યમંત્રીએ ભેટ આપી હતી.

મુખ્યમંત્રીએ પોતાના સંબોધનમાં સ્વચ્છાગ્રહને જીવનનો સ્વભાવ બનાવી ગામ-નગર સાથે રાજ્યને સ્વચ્છ અને સુંદર બનાવવાની નાગરિકોને અપીલ કરી હતી..

- (RNU અમદાવાદ)

---

## સેવાસેતુ ભુજ:

આજે ભુજ શહેરમાં વોર્ડ નંબર ૧ થી ૬ના નાગરિકો માટે સરપટ નાકા ખાતે આયોજિત સેવા સેતુ કાર્યક્રમનો પ્રારંભ ભુજ નગરપાલિકા પ્રમુખ શ્રીમતિ રશ્મિબેન સોલંકીએ કરાવ્યો હતો . તથા નાગરિકોને સરકારની સેવાઓનો લાભ લઈને દેશના વિકાસમાં ભાગીદાર બનવા માટે હાકલ કરી હતી.

સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત નાગરિકોને સરકારશ્રીની વિવિધ યોજનાઓ અને જરૂરી દાખલાઓ મેળવવાના વિવિધ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહીને સેવા સેતુ કાર્યક્રમનો બહોળા પ્રમાણમાં લાભ લીધો હતો.

- (માહિતી ખાતુ ભુજ)

---

## સ્વચ્છતા હી સેવા-કચ્છ:

સ્વચ્છતા હી સેવાના સંકલ્પ સૂત્રને સાર્થક કરવા કચ્છ જિલ્લામાં ઝુંબેશરૂપે જિલ્લામાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં સામૂહિક સઘન સફાઈ ઝુંબેશ, દવા છંટકાવ, જાગૃતિના કાર્યક્રમોનું આયોજન થઇ રહ્યું છે.

આજે સતાપર, શિણાય, દેવીસર અને કુકમા ખાતે ડોર ટુ ડોર કચરાના કલેકશન સાથે નાગરિકોને સ્વચ્છતા અંગે સમજ આપવામાં આવી હતી. માંડવી તાલુકાના મમાયમોરા ખાતે ઘરે ઘરે જઇને કચરાના એકત્રિકરણ સાથે મહિલાઓને ભીનો અને સુકા કચરા અંગે માહિતી આપવામાં આવી હતી.

રાપર તાલુકાના ગામોમાં દવા છંટકાવ ,ડોર ટુ ડોર કચરાનું કલેકશન તથા ઘરેથી જ કચરાનું વિભાજન થાય તેવી સમજ આપવામાં આવી હતી.

તો, કચ્છના દેશદેવી મા આશાપુરાના સ્થાનક માતાના મઢ ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

બાળકોમાં સ્વચ્છતાના સંસ્કાર કેળવાય અને આવનારી પેઢી પર્યાવરણના રક્ષણ સાથે સફાઇ પ્રત્યે જાગૃત બને હેતુથી શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પેપરબેગ બનાવવાના પાઠ ભણ્યા હતા. જેમાં સામખિયાળી કુમાર શાળા ,મોડસર, નાની ચિરઇ નંદગામ પ્રાથમિક શાળા, ભુજપર વગેરે શાળાના ભૂલકાઓએ વેસ્ટમાંથી બેસ્ટની પ્રવૃત્તિ કરીને સ્વચ્છતાનો સંદેશો પાઠવ્યો હતો.

\- (માહિતી ખાતુ ભુજ)

---

## રેડ રન ફોર સ્ટેટ મેરેથોન:

આજે ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા સમગ્ર રાજ્યમાં નાગરિકોમાં ખાસ કરીને યુથમાં એચ.આઈ.વી.એઈડ્સ અંગે જાગૃતિ આવે તે માટે ટી.બી. વિભાગ ,કચ્છ યુનિવર્સિટી અને શ્રી સેવાનિધી ટ્રસ્ટ અંજારના સંયુક્ત ઉપક્રમે ભુજ ની કચ્છ યુનિવર્સિટી ખાતે "રેડ રન સ્ટેટ મેરેથોન-૨૦૨૪" નું આયોજન કરવામાં આવ્યું હતું.

કચ્છ યુનિવર્સિટીથી એરોપ્લેન સર્કલ થઈને કચ્છ યુનિવર્સિટી સુધીના રૂટમાં પુરુષ ,સ્ત્રીઓ અને ટ્રાન્સજેન્ડર એમ ત્રણ કેટેગરીમાં "રેડ રન સ્ટેટ" મેરેથોન યોજાઇ હતી. આ ત્રણે કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય આવનાર વિજેતાને રોકડ ઇનામ ,મેડલ, ટ્રોફી તેમજ સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરાયા હતા.

\- (NP, જાગૃતિ વકીલ)

---

## જીલ્લા પંચાયત-સામાન્ય સભા:

જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા કચેરીના સભાખંડ ખાતે મળી હતી ,જેમાં મુખ્ય એજન્ડા મુજબ જિલ્લા અયોજન સમિતિના 13 સભ્યની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી , આ સભ્યો હવેથી જિલ્લાના વિકાસના આયોજનમાં યોગદાન આપશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજાનાં અધ્યક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી શૈલેશ પ્રજાપતિના સભ્ય સચિવ પદે મળેલી આ સામાન્ય સભામાં ગત સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી અપાયા બાદ 15મા નાણાપંચ અને સ્ટેમ્પ ડયૂટી તથા રોયલ્ટી ગ્રાન્ટના કામોમાં સૂચવાયેલા ફેરફારોને બહાલી અપાઈ હતી,.

આ બેઠકમાં શિક્ષણ સમિતિ દ્વારા બાળકોના વાંચન , લેખન અને ગણનમાં સુધારા કરવા તૈયાર કરાયેલા "નમો સફળ કચ્છ પ્રોજેક્ટ " ની વિગતો સમિતિના ચેરમેન દ્વારા આપવામાં આવી હતી.

- (NP, જાગૃતિ વકીલ)

---

## મોટા યક્ષનો મેળો:

મિની તરણેતર સમા નખત્રાણા તાલુકાના મોટા યક્ષનો મેળો આગામી તા. 22 સપ્ટેમ્બર થી 25 સપ્ટેમ્બર એમ ચાર દિવસ સુધી યોજાશે. આ ભાતીગળ લોકમેળામાં ચાલુ વરસે સારું ચોમાસું થતાં માનવ મહેરામણ વિશાળ સંખ્યામાં ઊમટી પડશે તેવી ધારણા સેવાય છે. જેને અનુલક્ષી આનુષંગિક વ્યવસ્થા માટે તડામાર તૈયારીઓ આરંભાઈ છે.

રવિવારે આરંભ થનાર મેળાની વ્યાસ્થામાં પોલીસ બંદોબસ્ત , ફાયરબ્રિગેડ, આરોગ્ય સેવાની ટીમ, એમ્બ્યુલન્સ, પીવાનાં પાણીના નળ સ્ટેન્ડ સહિતની સેવાઓ ઉપલબ્ધ થશે.

તા. 22 સપ્ટેમ્બરે સવારે ધ્વજારોહણ-પેડી યોજાશે અને રાજ્યના પ્રવાસન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ - વન અને પર્યાવરણ કલાઈમેટ ચેન્જ મંત્રી મૂળુભાઈ બેરાના હસ્તે મેળાનું ઉદ્ઘાટન કરાશે. પ્રભારી મંત્રી કચ્છ અને શિક્ષણ મંત્રી પ્રફુલ્લ પાનસેરિયા સહિત વિવિધ ક્ષેત્રના અધિકારીઓ-પદાધિકારીઓ, સામાજિક, રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

- (NP, જાગૃતિ વકીલ)

---

## રાષ્ટ્રીય તરણ સ્પર્ધા-કચ્છની યુવતી:

ભુજ તાલુકાના માધાપરની સ્વીમીંગ ચેમ્પિયન હિમધી ચૌહાણે ઇન્દોર ખાતે યોજાયેલ સ્વીમીંગ સ્પર્ધામાં ૨ હજારથી વધુ સ્પર્ધકો વચ્ચે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. જે આગામી સમયમાં રાષ્ટ્રીય કક્ષાએ તરણ સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

- (NP, જાગૃતિ વકીલ)

---